અસહ્ય ગરમી-બફારાના કારણે પ્રજાજનો ત્રાહિમામ્:

જામનગરમાં આકરો તાપ-બફારો: મહત્તમ તાપમાન ૩૯.૫ ડીગ્રી: ભેજનું પ્રમાણ ૯૫ ટકા

જામનગર તા. ૫: જામનગરમાં છેલ્લા ૪૮ કલાકમાં ૩૦% સુધી વધીને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકાએ પહોંચ્યું હતું. મહત્તમ તાપમાન ૩૯.૫ ડીગ્રીએ સ્થિર રહ્યું હતું. તાપમાન તથા ભેજનું પ્રમાણ વધુ રહેતા આકરા તાપ અને બફારાના ડબલ એટેકથી પ્રજાજનો આકૂળ-વ્યાકૂળ થઈ ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા હતાં.

જામનગરમાં એપ્રિલ માસના પ્રારંભથી જ ઉનાળાએ ગતિ પકડી લીધી છે. નગરમાં આજે સવારે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન કોઈ વધારા કે ઘટાડા વગર મહત્તમ તાપમાનનો પારો ૩૯.૫ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો, જ્યારે અડધા ડીગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન ૨૧.૫ ડીગ્રી નોંધાયું હતું. છેલ્લા ૪૮ કલાકમાં ૩૦ ટકાના વધારા સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા રહ્યું હતું. મહત્તમ તાપમાન ૩૯ ડીગ્રીને પાર કરી જતા ગઈકાલે બપોરે પણ આકરા તાપનો અનુભવ કર્યો હતો. ગગનમાંથી અંગારા વરસતા હોય તેવી ભયંકર ગરમીથી જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અસહ્ય ગરમી સાથે બફારાનું મિશ્રણ થતા પ્રજાજનો પરશેવે રેબઝેબ થઈ ગયા હતાં. અસહ્ય ઉકળાટથી લોકો આકૂળ-વ્યાકૂળ થઈ ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા હતાં.

નગરમાં પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૨૦ થી ૨૫ કિ.મી.ની રહેવા પામી હતી. તેજીલા વાયરાઓના પગલે સાંજે વાતાવરણમાં ઠંડક પ્રસરતા નગરજનોએ રાહત અનુભવી હતી.

સંતશ્રી ઉપવાસીબાપુની પુણ્યતિથિએ

દાણીધારધામમાં શ્રી વિષ્ણુયજ્ઞ સાથે ઉજવણી: મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો

જામનગર તા. ૫: કુદરતી સૌંદર્યથી ભરપુર અને તુહીં રામ પ્યારે રામના નાદથી ગુંજતી તેમજ ૧૨ જીવાત્માઓની ચેતન સમાધિ આવેલ છે તેવી સંતશ્રી નાથજીદાદાની પાવનકારી તેમજ સંતશ્રી ઉપવાસીબાપુની તપોભૂમિ દાણીધારધામમાં સંતશ્રી ૧૦૦૮ ઉપવાસીબાપુની ૧૯મી પુણ્યતિથિ આગામી તા. ૮/૪/૨૫ મંગળવાર શ્રી વિષ્ણુયજ્ઞ સાથે ધામધૂમથી ઉજવવામાં આવશે. આગામી તા. ૮/૪/૨૫ મંગળવાર સંતશ્રી ચત્રભુજદાસજી મહારાજ (ઉપવાસીબાપુ)ની ૧૯મી પુણ્યતિથિ નિમિત્તે સવારે ૭:૧૫ ધ્વજારોહણ અને ૯-૩૦ કલાકે ચરણ પાદુકા પૂજન કરવામાં આવશે. સવારે ૭ વાગ્યે વાગ્યે શ્રી વિષ્ણુયજ્ઞનો મંગલ પ્રારંભ થશે. બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદ અને સાંજે ૫ વાગ્યે શ્રી વિષ્ણુયજ્ઞનું સમાપન થશે. આ દિવ્ય વિષ્ણુયજ્ઞ ના યજમાન દિપસિંહ બચુભા ભાટી છે. આ મંગલદિવસે દેવદર્શન, વિષ્ણુયજ્ઞ દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા ધર્મપ્રેમી ભક્તજનોને સપરિવાર પધારવા દાણીધારધામના મહંત મહા મંડલેશ્વર શ્રી સુખદેવદાસજી બાપુ અને શ્રી નાથજી દાદા ટ્રસ્ટ તેમજ શ્રી નાથજી દાણીધાર ગૌશાળા ટ્રસ્ટએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

॥ જોઈએ છે ॥

જોઈએ છે

આર્ય સમાજ - જામનગર સંચાલિત શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય માટે

મહિલા વહીવટી કર્મચારી

આવશ્યક લાયકાત

- કોમર્સ ગ્રેજ્યુએટ • Microsoft Office નું સંપૂર્ણ જ્ઞાન.
- ગુજરાતી ટાઈપીંગમાં 40 WPM ની ઝડપ.
- કોરલ ડ્રો, ફોટોશોપ અને ટેલીફોન્ટ ની જાણકારી વિશેષ ગણાશે.

સમય : સવારે ૯:૦૦ વાગ્યા થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી (ટ્રીફીન સાથે લાવવાનું રહેશે, લંચ બ્રેક રહેશે)

(ફક્ત મહિલા ઉમેદવારોએ જ ઈ-મેલથી અરજી કરવી)

Email : dipak.popat1960@gmail.com

શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય - જામનગર

સોદો રદ્ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી સર્વે જાહેર જનતાને આ સોદો રદ્ કર્યા અંગેની જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જીલ્લાના, લાલપુર તાલુકાના, મોજે : ડવાસંગ ગામની નીચે મુજબના સરવે નંબરોવાળી ખેતીની જમીનો કમલેશભાઈ જીવાભાઈ સાગઠીયાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે, અને તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન ટાઈટલ કલીયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ, અને અવેજ પેટેની રકમ ચુકવેલ.

જુના રે.સ.નં.	નવા રે.સ.નં.	હેકટર આરે
૨૬૯/પૈકી-૧	૧૮૪	૨-૦૦-૮૯
૨૬૯/પૈકી-૨	૧૮૩	૨-૦૪-૯૬
૨૬૯/પૈકી-૩	૪૮૯/પૈકી-૧	૧-૦૫-૯૭

ઉપરોકત ખેતીની જમીનના વેંચાણ અંગે તા.૨૧-૧૧-૨૦૨૪ ના દિવારના નોબત દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ અમારા અસીલ વતી પ્રસિધ્ધ કરાવેલ.

ત્યારબાદ અમારા અસીલ સદરહુ ખેતીની જમીન ખરીદ કરવા માંગતા ન હોવાથી સદરહુ સોદો રદ્ કરવામાં આવેલ છે, અને અમારા અસીલે ચુકવેલ અવેજ પેટેની રકમ ઉપરોકત માલિકે અમારા અસીલને પરત કરી દીધેલ છે. આમ, ઉપરોકત ખેતીની જમીન હવે ઉપરોકત માલિક અન્ય કોઈપણને વેંચાણ કે અન્ય રીતે ટ્રાન્સફર/તબદીલ કરવા હકકદાર છે, અને તે અંગે અમારા અસીલની પુરેપુરી સંમતિ છે, જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

જામનગર. રમેશ વી.વેકરીયા - એડવોકેટ
તા. ૫-૪-૨૦૨૫ તે અમારા અસીલની સૂચનાથી

રમેશ વી.વેકરીયા - સમર્થ આર.વેકરીયા
અનિલ ડી. ખરવાર - એડવોકેટ્સ
૨૦૬-સંજીવની કોમ્પલેક્ષ, સુમેર કલબ રોડ,જામનગર. મો.૯૮૨૪૫ ૭૦૬૭૪

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શહેર જામનગરમાં કૃષ્ણાનગર વિસ્તારમાં આવેલ રે.સ.નં.૩૦/૨ પૈકી નગર રચના યોજના નં.૨ ના મુળખંડ નં.૫૨ સામે ફાળવેલ અંતિમખંડ નં.૯૨ વાળી રહેણાંક હેતુસરની બીનખેતીની જમીનના સબ-પ્લોટ નં.૭૪-૭૫-૭૬-સી, જેનું ક્ષેત્રફળ ચો.મી. ૯૯.૧૮ થાય છે. જે સીટી સરવે કચેરીમાં વોર્ડ નં.૧૫ ના શીટ નં.૩૫૦ માં સીટી સરવે નં.૫૬૦૪/૭૪/૨ થી નોંધાયેલ છે. તે બાંધકામવાળી મિલકત પ્રજ્ઞાબેન કલ્પેશભાઈ પીપરીયા તથા કલ્પેશ ભીમજીભાઈ પીપરીયાની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મિલકત સંબંધેના ઉતરોતરના કાગળો પૈકી મહાનગરપાલિકા જામનગરે આપેલ અનુ.નં.૦૧૨૨૧૮ તા.૧-૧૦-૨૦૦૩ ના દિવારની વિકાસ કાર્યની મંજુરી અસલ તથા મંજુર કરેલ બાંધકામનો પ્લાન અસલ તથા કમાંક : જે.એમ.સી./બિલ્ડીંગ/વા.પ./૫૪૩૨/૦૩-૦૪ તા.૧૯-૩-૨૦૦૪ ના દિવારનું કંમ્પલીશન સર્ટીફીકેટ અસલ અગાઉના માલિકથી ગુમ થયેલ છે, અને જે ઘણીજ શોધખોળ કરવા છતાં મળી આવતા નથી, અને તેનો અગાઉના માલિકે કોઈ દુરઉપયોગ કે ગેરઉપયોગ કરેલ નથી, તેવું તેમનું જણાવવું છે.

ઉપરોકત અસલ વિકાસ કાર્યની મંજુરી તથા પ્લાન તથા કંમ્પલીશન સર્ટીફીકેટ કોઈપણ વ્યકિત પાસે કોઈપણ કારણોસર આવેલ હોય અને તેના કારણે ઉપરોકત મિલકતમાં જો કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થાનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે અગ્રહકક હોય કે ઉપરોકત મિલકતમાં કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭(સાત)માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજુ કરવા. જો મુદત દરમ્યાન કોઈ વાંધા-તકરાર આપવામાં નહીં આવે તો ઉપરોકત મિલકત સંબંધેના ઉપરોકતઅસલ વિકાસ કાર્યની મંજુરી તથા પ્લાન તથા કંમ્પલીશન સર્ટીફીકેટ ગુમ થયાનું પુરતું કારણ રહેશે, અને તેની ખરી નકલોને અસલ બરાબર ગણવામાં આવશે, અને તેમ માની અમારા અસીલ ઉપરોકત મિલકત સંબંધેની આગળની પ્રક્રિયા હાથ ધરશે, ત્યારબાદ અમારા અસીલની કોઈજ જવાબદારી રહેશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

જામનગર. તૃપેશ પી. પટેલ - એડવોકેટ
તા. ૫-૪-૨૦૨૫ તે અમારા અસીલની સૂચનાથી

તૃપેશ પી. પટેલ
દિક્ષિત વી.ભંકિરી - રવિ એમ.વિરાણી - એડવોકેટસ
૨૦૦-સિધ્ધિ વિનાયક પ્લાઝા, સુમેર કલબ રોડ,જામનગર. મો.૯૯૨૫૪૦૫૦૨૦

ગુજરાત સરકાર
નર્મદા , જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૨૫-૨૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના પેટા વિભાગ નં.૬/૪, સિંચાઈ સેવા સદન, ઉંડા-૨ કોલોની, ખારવા રોડ, ધ્રોલ ટેલીફોન નં.(૦૨૮૯૭) ૨૨૩૧૬૨ દ્વારા બંધ પાકમાં નોંધાયેલ માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામો સામે નિર્દિષ્ટ તારીખ સુધીમાં ટેન્ડર રજી.પોષ્ટ મે.ઈ.ઈ/સ્પીડ પોષ્ટથી/હાથોહાથ મળી આવે છે. જેમાં ટેન્ડરસ્વીકારવાની છેલ્લી તા.૧૧-૦૪-૨૦૨૫ ને ૧૬.૦૦ કલાક સુધી, ટેન્ડર પરત આપવાની છેલ્લી તા.૧૯-૦૪-૨૦૨૫ ને ૧૬.૦૦ કલાક સુધી અને ટેન્ડર ખોલવાની તા.૧૯-૦૪-૨૦૨૫ ના રોજ ૧૩.૦૦ કલાક (શકય હશે તો) રહેશે.

ક્રમ નં	કામનું નામ	અંદાજી કિંમત (રૂ. લાખમાં) અનામતી રકમ (રૂ.)	ટેન્ડર ફી વર્ગ
૧	આજી-૪ જળસંપતિ યોજના સર્વે વર્ક ફોર પ્રીપેરીંગ આજી-૪ ડેમ ડાઉનસ્ટ્રીમ રીવર ફોર સેકશન એન્ડ ઓગમેંટેશન સેકશન પ્રોટેકટીવ વોક આજી-૪ વોટર રીસોર્સીઝ પ્રોજેકટ.	૬,૦૩,૫૭૬=૦૦ ૩,૦૦૦=૦૦	રૂ.૬૦૦/- સીમીલર નેચર ઓફ વર્ક

ખાસ શરતો :- ઉપરોકત કામ માટે સર્વે વર્ક અંગેની કામગીરીનો અનુભવ હોવો જરૂરી છે.
વધુ વિગત માટે ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.
નં.માહિતી/જામ/૮ /૨૦૨૫

:: જાહેર નોટીસ ::

આથી જાહેર નોટીસ આપી લાગતા વળગતાને જણાવવાનું કે, જામનગર જિલ્લાનાં, લાલપુર તાલુકાનાં મોજે સણોસરી ગામના ખાતા નંબર ૧૨૦૮ જેના નવા સર્વે નંબર ૧૧૧૫ (જુના ૧૬૭/ પૈકી ૧) જેનું ક્ષેત્રફળ જરાયત હેકટર ૦-૯૬-૧૨ આરે વાળી ખેતીની જમીનના સ્વતંત્ર માલીક તથા કબ્જેદાર ભીખા રામા દેથરીયા તથા ખાતા નંબર ૧૨૦૭ જેના નવા સર્વે નંબર ૧૧૧૬ (જુના ૧૬૭/ પૈકી ૨) જેનું ક્ષેત્રફળ જરાયત હેકટર ૧-૬૧-૮૮ આરે વાળી ખેતીની જમીનના સંયુકત માલીક તથા કબ્જેદારો ૧) ભીખાભાઈ રામાભાઈ દેથરીયા તથા ૨) રાજાભાઈ રામાભાઈ દેથરીયા પાસેથી અમારા અસીલ એ ઉપરોકત બંને ખેતીની જમીનોની ખરીદી કરેલ છે અને સુથીની રકમ ચુકવેલ છે.

આ જાહેર નોટીસ પ્રસીધ્ધ થયેથી દીવસ આઠ (૮) માં જે કોઈને આ બંને ખેતીની જમીનોના વેંચાણ સામે કાંઈપણ વાંધા તકરાર હોય કે કોઈનો લાગ,ભાગ કે હકક, હિસ્સો, હિત, સબંધ, દર-દાવો, વારસાઈ હકક, કરજ, અગ્રહકક, લીયન, ગીરો, કુલમુખત્યારનામું, કરાર કે કબ્જા બાબતે વાંધા તકરાર હોય તો નીચેના સરનામે પુરાવા સાથે જાણ કરવી. અન્યથા જો કોઈનાં તરફ થી નિયત સમયમાં વાંધા, રજુ કરવામાં નહી આવે તો મુદત વિત્યે અમારા અસીલ મજકુર બંને ખેતીની જમીનોનો રજિસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ તેમનાં નામે અથવા તેમને યોગ્ય લાગે તેના નામે કરાવી લેશે, ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા માન્ય રહેશે નહી તેની નોંધ લેવી. જેની સર્વે જનતાને આથી જાણ કરવામાં આવે છે.

લાલપુર તે અમારા અસીલની સૂચના અને ફરમાઈશથી
તા. ૦૫-૦૪-૨૦૨૫ આર. બી. કરંગીયા - એડવોકેટ

:: અમારા મારફત ::
એડવોકેટ: રામભાઈ બી. કરંગીયા
ઠે. ઓફિસ નં. ૪, નવી કોર્ટ પાસે, લાલપુર,
તા.લાલપુર, જિ. જામનગર : મો.૭૦૧૬૯૨૪૯૪૯

:: જાહેર નોટીસ ::

આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, જામનગર તાલુકા મોજે ગામ સચાણા ગામના રે.સ.નં.-૩૭૧ (જુના રે.સ.નં.૯૯/પૈકી-૧/પૈકી-૨) વાળી ખાતા નં.૩૮૩ વાળી જૂની શરતની જરાયત ખેતીની જમીન આવેલ છે. જેનું ક્ષેત્રફળ હેકટર આરે ૦-૭૬-૪૫ થાય છે. જેનો આકાર રૂા.૨-૧૫ પૈસા છે, જે 'રોજીયુ' તરીકે ઓળખાય છે. તે ખેતીની જમીનના માલીક અને કબજેદાર હારુન આરબી પાસેથી અમારા અસીલે મજકુર ખેતીની જમીનનો ટાઈટલ કલીયરની શરતે વેચાણથી ખરીદ કરવા સોદો કરેલ છે. અને સુથીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત ખેતીની જમીનના વેચાણ વ્યવહાર સંબંધે કે કોઈને માલીકી હકક કે ટાઈટલ સબંધે કંઈપણ વાંધો, તકરાર, વિવાદ હોય કે આ ખેતીની જમીન ઉપર કોઈપણ પ્રકારનો અગ્રહકક, લાગભાગ, હકક,હિત,હિસ્સો, દર-દાવો, બોજો, ચાર્જ કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ માં અમારી ઓફીસે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી જો નિયત મુદતમાં કોઈ વાંધો લેવામાં નહિ આવે તો કોઈને વાંધો તકરાર નથી અથવા હોય તો તે જતો (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ જગ્યાનો પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેવી.

જામનગર ડી.વી. નકુમ - એડવોકેટ એન્ડ નોટરી
તા. ૦૫-૦૪-૨૦૨૫ તે અમારા અસીલ સૂચનાથી

:: અમારા મારફત ::
દક્ષાબેન વી. નકુમ - એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ: ડી-૨૯, રણજિત ટાવર, પોસ્ટ ઓફિસ વાળી ગલી,
લાલ બંગલા, જામનગર : મો. ૯૩૭૫૯ ૬૩૭૭૩

વ્યાસાસને કાપદાસબાપુ શ્રોતાઓને રસપાન કરાવશે

જામવણથલીના વરણામાં શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞ: કથા દરમિયાન વિવિધ કાર્યક્રમો

ફલ્લા તા. ૫: જામવણથલી નજીકના વરણા ગામે આવેલ શ્રી કેરડીયા હનુમાનજીની જગ્યામાં તા. ૪-૪-૨૦૨૫ થી તા. ૧૨-૪-૨૦૨૫ સુધી શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસાસને શ્રી કાનદાસબાપુ દુધરેજીયા (દ્વારકાવાળા) બીરાજીને શ્રોતાઓને કથાનું રસપાન કરાવશે. દરરોજ બપોરે તથા સાંજે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કથામાં આવતા પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે. દરરોજ રાત્રે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ધર્મપ્રેમી જનતાએ કથાશ્રવણનો લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

જામનગર તાલુકામાં ૧૯ તમાકુ વિક્રેતાને રૂા. ૩૮૦૦ નો દંડ

જામનગર તા. ૫: જામનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા તમાકુ નિયંત્રણ ધારા હેઠળ જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ જામનગર તાલુકાના ધુંવાવ, ખીજડિયા, ખીમરાણા, જોડુડાના પાટિયા સુધીના વિસ્તારમાં તમાકુ નિયંત્રણ ધારાની વિવિધ કલમો અંતર્ગત ૧૯ કેસ કરી રૂા. ૩૮૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

પ.પૂ. સંબોધિજી મહાસતીજી આદિઠાણા-૬ ના સાંનિધ્યમાં

જામનગરમાં આયંબિલની ઓળીના કાર્યક્રમો શરૂ

જામનગર તા. ૫: રાષ્ટ્રસંઘ પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી પૂ. શ્રી પરમ સંબોધિજી મહાસતીજી આદિત્ય ઠાણા-૬ જામનગરના ભાવિકોને આયંબીલ ઓળી પર્વની આરાધના કરાવવા અર્થે શ્રી તેજ પ્રકાશ ઉપાશ્રય, બેંક કોલોની સંઘમાં પધાર્યા છે. તા. ૪-૪-૨૦૨૫ થી આયંબીલ ઓળી પર્વનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને નવ-નવ દિવસ સુધી વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આયંબીલ ઓળી પર્વ અંતર્ગત દરરોજ સવારે ૯-૩૦ વાગ્યે પ્રવચન, ૧૦-૩૦ વાગ્યે વિશિષ્ટ ક્વિઝ અને ૧૧-૩૦ વાગ્યા પછી આયંબીલનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮-૧૫ વાગ્યે શ્રી પારસધામના આંગણે વિશિષ્ટ પ્રવચન માળા-ધ પાવર ઓફ સ્લો ડાઉન યોજવામાં આવશે.

તા. ૫/૪ ને શનિવાર રાત્રે ૮-૧૫ વાગ્યે યુવાનો માટે સ્પેશિયલ શિબિર 'ટુથ કોર યુથ' તેમજ પરિવારને પ્રભુનો પરિવાર કેવી રીતે બનાવવો તે સમજાવતું વિશેષ પ્રવચન 'સમજ ઈન, સ આઉટ' રવિવારે સવારે ૯-૩૦ વાગ્યે રાખવામાં આવ્યું છે. તા. ૯/૪ ના વર્લ્ડ નવકાર ડે અવસરે સવારે ૮ થી ૯-૩૦ વાગ્યા સુધી સમૂહમાં નમસ્કાર મહામંત્રની આરાધના કરવામાં આવશે. તા. ૧૦/૪ ને ગુરુવારે સવારે ૧૦-૩૦ વાગ્યે 'મૈં પહેચાનના પાયા' ભવ્ય અને હૃદયસ્પર્શી નાટીકાની પ્રસ્તુતિ સાથે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવનું ભક્તિભીનું અનેરૂ આયોજન ટાઉનહોલમાં રાખવામાં આવ્યું છે.

કામદાર વાડીમાં 'કિડ્સ ફન ફિયેસ્ટા' અંતર્ગત કિડ્સ સ્પેશિયલ આયંબીલના આયોજનમાં આયંબીલનું ભોજન સાથે મનગમતા આકર્ષક ઈનામ અને જે બાળક સંપૂર્ણ ૯ દિવસ આયંબીલની આરાધના કરશે. તેમને બમ્પર પ્રાઈઝ આપવામાં આવશે. આ આયોજન અંતર્ગ સ્કૂલમાં જતા બાળકોના સમયને ધ્યાનમાં રાખી ૩ વાગ્યા સુડ્સ ફન ફિયેસ્ટા ઓપન રહેશે.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	9,16,000
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	82,450
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	70,500
ચાંદી-૯૯૯ (૧ કીલો)	90,000

અંધ-અપંગ-નિરાધાર ગૌમાતાના લાભાર્થે

ખંભાળીયાના ધરમપુરમાં આઈબેલી ગ્રુપ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે

ખંભાળીયા તા. ૫: ખંભાળીયાના ધરમપુરમાં આઈબેલી આવળ માતાજીના મંદિરના પરિસરમાં અંધ-અપંગ-નિરાધાર ગૌમાતાના લાભાર્થે એનિમલ કેર્સ ગ્રુપ તથા આઈબેલી ગ્રુપના ઉપક્રમે તા. ૧૮-૦૪-૨૫ થી ૨૪-૪-૨૫ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

વ્યાસાસને પૂ. જીવણભગત બિરાજી કથાનું રસપાન કરાવશે. પૂજા વિધિ તથા યજ્ઞના આચાર્ય તરીકે કૃણાલ અદા બિરાજશે. તા. ૨૦-૦૪ના રાજશીબાપા જુનાગઢની મંડળી, તા. ૨૧-૦૪ના કિષ્ણા કલાવૃંદનો કાર્યક્રમ, રાત્રે સંતવાણી, આશાપુરા ગરબી મંડળનો તલવાર રાસ, તા. ૨૩-૦૪ના કાનગોપીનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૩-૪ના શહીદ પરિવાર, માજી સૈનિકો, ગૌ સેવકોનું સન્માન કરવામાં આવશે.

સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ સ્ટેશનરી બુકીંગની કાર્યવાહી શરૂ

જામનગર તા. ૫: જામનગર જૈન મિત્ર મંડળ દ્વારા સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓને છેલ્લા ૧૧ વર્ષથી બ્રાન્ડેડ નોટબુક ફુલસ્કેપ ચોપડા સહિત વિગેરે સ્કૂલ સ્ટેશનરી ખૂબ જ વ્યાજબી કિંમતે દાતાઓના સહયોગથી વિતરણ કરવામાં આવે છે.

આ વર્ષે ૨૦૨૫ માં સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓને બ્રાન્ડેડ, ફુલસ્કેપ ચોપડા તથા અન્ય સ્કૂલ સ્ટેશનરી વિતરણ કરવાના કાર્યક્રમને અનુલક્ષીને ગુરુ, શુક્ર, શનિ અને રવિવારનાં (તા. ૩, ૪, ૫ અને ૬ એપ્રિલ) દિપક હોલમાં રાત્રે ૯-૩૦ થી ૧૧-૩૦ સુધી બુકીંગ કરવામાં આવી રહ્યું છે. રવિવારે સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ અને બપોરે ૩ થી ૫ દરમિયાન બુકીંગ કરવામાં આવી રહ્યું છે. સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓને લાભ લેવા માટે જૈન મિત્ર મંડળના સ્થાપક પ્રમુખ અને ચેરમેન વિજયભાઈ સંઘવીએ અનુરોધ કર્યો છે.

નોટબુક, ચોપડા તથા સ્કૂલ સ્ટેશનરીનું બુકીંગ કર્યા પછી દરેક વિદ્યાર્થીઓને રવિવાર, તા. ૧૮ મે ૨૦૨૫ ના સવારે ૧૦ થી ૧ અને બપોરે ૩ થી ૫ દરમિયાન અંબર ટોકીઝ પાસે આવેલ કામદાર વાડીમાં વિતરણ કરવામાં આવશે.

પેન્સિલમાં શિવલિંગ સહિતની કલાકૃતિ રચી:

ભોપલકાના કલાકારને વર્લ્ડવાઇડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન

દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ભોપલકાનાં કલાકાર ગોવિંદ રાઠોડ નાની નાની સૂક્ષ્મ કલાકૃતિઓ રચવા માટે જાણીતા છે. તાજેતરમાં તેમણે એક પેન્સિલમાં ૧.૫ એમ.એમ.નું શિવલિંગ તથા પાણીની મટકીની આકૃતિ રચીને વર્લ્ડવાઈડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવતા સમગ્ર હાલારનાં ગૌરવમાં વધારો થયો

જામનગર દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થાના હોદ્દેદારો

અશ્વિનભાઈ વાઘજીયાણી
પ્રમુખ

જવાહરલાલ મહેતા
ઉપપ્રમુખ

વિજયભાઈ શેઠ
મંત્રી

ડો. રક્ષિતકુમાર શેઠ
સહમંત્રી

વિરેન્દ્રભાઈ વસા
ખજાનચી

જામનગર દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થાના વર્ષ-૨૦૨૫-૨૦૨૮ ની ટર્મ માટે હોદ્દેદારોની બિનહરીફ નિમણૂંક કરવામાં આવી છે. જેમાં અશ્વિનભાઈ એચ. વાઘજીયાણી (પ્રમુખ), જવાહરલાલ એમ. મહેતાહ (ઉપપ્રમુખ), વિજયભાઈ એમ. શેઠ (મંત્રી), ડો. રક્ષિતકુમાર એમ. શેઠ (સહમંત્રી) અને ખજાનચી તરીકે વિરેન્દ્રભાઈ એસ. વસાની નિમણૂંક કરવામાં આવી છે.

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા સરવેને જાણ કરવાની કે, શ્રી ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ જામનગરના સબ-ડીસ્ટ્રીકટ જામનગરના તાલુકા જામનગરના ગામ વિભાપરનાં રેવન્યુ સરવે નં.૨૩ વાળી જમીન કે જેનો જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ કચેરી તરફથી મંજૂર થયેલ જામનગર-વિભાપર ટી. પી. સ્કીમ-૧ માં સમાવેશ થતાં મૂળખંડ નંબર ૨૧ સામે અંતિમખંડ નંબર ૨૧ ફાળવવામાં આવેલ જમીન કે જેનું ક્ષેત્રફળ ૫૧, ૧૫૧.૦૦ ચો.મી. થાય છે અને તે જમીનનો રહેણાંક ઝોનમાં સમાવેશ કરવામાં આવેલ છે. તે અંતિમ ખંડ નં.૨૧ વાળી જગ્યાનો જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ દ્વારા તા.૨૬/૬/૨૦૦૮ નાં પત્રથી લે-આઉટ મંજુર કરવામાં આવેલ છે અને કલેકટરશ્રી, જામનગરે પોતાના તા.૨૫/૯/૨૦૦૮નાં હુકમથી તેનો રહેણાંકનાં હેતુસર બિનખેતી ઉપયોગ કરવા મંજુરી આપેલ છે અને તે મુજબ તેમાં નં.૧ થી નં.૨૦૧ નાં કુલ-૨૦૧ (બસો એક) પ્લોટો પાડવામાં આવેલ છે. જે બિનખેતી થયેલ આખી જગ્યા "વૃજ વિહાર" તરીકે ઓળખાઈ છે. જે જગ્યામાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૮૯ વાળી ચો.મી.૧૨૦.૦૦ તથા પ્લોટ નં.૯૦ વાળી ચો.મી.૧૨૦.૦૦ તથા પ્લોટ નં.૯૧ વાળી ચો.મી.૧૨૦.૦૦ એમ મળી કુલ ચો.મી.૩૬૦.૦૦ના ક્ષેત્રફળ વાળી ખુલ્લા પ્લોટોની જગ્યા શ્રી જીતેન્દ્રકુમાર અમૃતલાલ વોરાની સ્વંતત્ર માલિકી હકકની આવેલ છે. સદરહુ જગ્યા અમારા અસીલે તેનાં હાલનાં માલિક પાસેથી ટાઈટલ કલીયરની શરતે ખરીદવા સોદો કરી સુંથી આપેલ છે.

સદરહુ ખુલ્લા પ્લોટની જગ્યામાં કોઈનો કોઈપણ પ્રકારે